# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૪૩/ક્વા-૩/૧૯-૨૦/૧૦૭૯-૪૩ **તા.** ૨૦.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૩/ક્વા-૩/૧૯-૨૦

**અરજદાર:** કિરીટભાઈ કેશવભાઈ સોજીત્રા , ગામ -તાલાલા - સબડીવીઝન : તાલાલા

**રજૂઆત કરનાર:** શ્રી કિરીટભાઈ કેશવભાઈ સોજીત્રા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ

**રજૂઆત કરનાર:** કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી. જોશી -પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

**તારીખ:** ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ૨૫ કીવો નુ વાણીજય હેતુ નુ નવુ વીજજોડાણ મેળવવા માટે તાલાલા પેટા વિભાગીય કચેરીમાં જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરેલ. જે અન્વયે પેટા વિભાગીય કચેરી

ના પત્ર તા.૧૦–૧૨–૧૯ થી જણાવેલ કે – ૧૧ કેવી તાલાલા જેજીવાય ફીડરમાથી વીજજોડાણ મળી શકશે નહી. તેમજ નજીક ના સ્ત્રોત માથી વીજજોડાણ આપી શકાય તેમ છે. પરંતુ સદર જગ્યાની આસપાસ અન્ય કોઈ જયોતીગ્રામ ફીડર નથી તેમજ તેમની જગ્યા વાણીજય હેતુ માટે બીનખેતી કરાવેલ છે, તેમા કુલીંગ પ્લાન્ટ કરવાનો હોય – જેમા, ખેતીવાડી ફીડર માથી ફકત ૦૮ કલાક જ થ્રી ફેઇઝ પાવર મળતો હોય – જયારે તેઓનો પ્લાન ૨૪ કલાક સુધી ચાલી શકે નહી તેમજ તેઓને આર્થિક રીતે પોસાઈ શકે તેમ ન હોય – તેઓના કુટુંબ ના નિવાર્હ માટે– તેઓનુ સદર વીજજોડાણ ૧૧ કેવી તાલાલ જયોતીગ્રામ ફીડરમાથી આપવા – અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- તાલાલા પે.વિ. કચેરીમાં હેઠળ જ્યોતિગ્રામ ફીડર માંથી વાણિજ્ય હેતુનું વિજજોડાણ મેળવવા માટે અરજદાર દ્વારા જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અરજી કર્યા બાદ અરજદાર ને પ્રવર્તમાન નિયમો મુજબ માંગણી વાળા સ્થળે પીજીવીસીએલ દ્વારા તાંત્રિક રીતે યોગ્ય જણાયે ફિક્ષ ચાર્જના ધોરણે વિજજોડાણ આપી શકાય જે અંગે અરજદાર ને રૂબરૂ સમજણ આપવામાં આવેલ છે.

3.૧ અરજદાર ની રજૂઆત અન્વયે માંગણી વાળા સ્થળે તાલાલા જ્યોતિગ્રામ ફીડરની લાઇન પહોંચતી કરવા માટે તાંત્રિક રીતે સ્થળ અને હયાત વિજમાળખા વચ્ચેથી પસાર થતી તાલાલા સાસણ રેલ્વે ટ્રેક ક્રોસ કરવી જરૂરી જણાય છે. જીઇઆરસી સપ્લાય કોડ સેક્શન 4 ના ભાગ 4.1(1) મુદા અન્વયે તાંત્રિક રીતે યોગ્ય જણાયે જ કોઈ પણ વિજજોડાણ આપી શકાય છે.

3.૨ વિશેષમાં સદર સ્થળે વિજજોડાણ લેવા માંગે છે તે સ્થળની આસપાસ નો સમગ્ર વિસ્તાર ખેતીવાડી વિસ્તાર છે અને ત્યાં ખેતીવાડી વીજ ફિડરોની વીજલાઈનો હયાત છે. આમ છતાં ભવિષ્યમાં પીજીવીસીએલના નેટવર્કમાં મોડીફિકેશન થયે આપના દ્વારા માંગણી કરવાથી જે તે સમયની તાંત્રિક જોગવાઇઓ ધ્યાને લઈ આપને નિયમાધીન વિજજોડાણ અન્ય વિજલાઇન માંથી આપવા ઘટતું થઈ શકે શકશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર તેઓની અરજીના નોંધણી નં: ૪૩/ક્વા-3/૧૯-૨૦ માં જણાવે છે કે તેઓની બીનખેતી જમીનમાં ૨૫ કીવો નુ વાણીજય હેતુ નુ નવુ વીજજોડાણ મેળવવા માટે તાલાલા પેટા વિભાગીય કચેરીમાં જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરેલ. તેમા કુલીંગ પ્લાન્ટ કરવાનો હોય – પ્લાન ૨૪ કલાક સુધી ચાલી

શકે તે માટે તેઓનુ સદર વીજજોડાણ ૧૧ કેવી તાલાલ જયોતીગ્રામ ફીડરમાથી આપવા જણાવેલ પરંતુ પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૦–૧૨–૧૯ થી જણાવેલ કે – ૧૧ કેવી તાલાલા જેજીવાય ફીડરમાથી વીજજોડાણ મળી શકશે નહી. જે બાબતે અરજદારને અસંતોષ હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ માં જણાવેલ શરતો/નિયમો મુજબ " એવા સંજોગો કે જેમાં ખેતીવાડી વિસ્તાર વચ્ચે, કોઈ નાની વિસ્તાર કે છુટાછવાયો વિસ્તાર બિનખેતી થયેલ હોય તો પણ આવા વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી જ ઉપર મુજબ વીજ જોડાણ આપવાના રહેશે". ત્યારબાદ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ ૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ મુજબ બીનખેતી કરાવેલ જમીનમાં ધારા ધોરણ અનુસાર ફીકસચાર્જ વસૂલાત કરવાની નીતિ ચાલુ રહેશે.

ઉપરોક્ત પેરા ન. 3.૧ માં જણાવ્યા મુજબ અરજદારનું વીજ જોડાણ માંગણી વાળા સ્થળે તાલાલા જ્યોતિગ્રામ ફીડરની લાઇન પહોંચતી કરવા માટે તાંત્રિક રીતે સ્થળ અને હયાત વિજમાળખા વચ્ચેથી પસાર થતી તાલાલા સાસણ રેલ્વે ટ્રેક ક્રોસ કરવી જરૂરી જણાય છે. જીઇઆરસી સપ્લાય કોડ સેક્શન 4 ના ભાગ 4.1(1) મુદા અન્વયે તાંત્રિક રીતે યોગ્ય જણાયે જ કોઈ પણ વિજજોડાણ આપી શકાય છે.

૪.૩ સદર ભાવપત્રક ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગના પત્ર ક્રમાંક જીયુવી–૨૦૧૬/૩૮૮૫/ક૧ તા.૨૩–૦૮–૧૭ ને અનુલક્ષીને જીયુવીએનએલ વડોદરા દ્વારા, તેઓ ના પત્ર નં.ઃ જીયુવીએનએલ –ટેક–૨ – ૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ દ્વારા દરેક કંપની ના માન. મેનેજીંગ ડિરેકટર શ્રી ને, માન. ગુજરાત રાજય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર ''ગામતળ ની બહાર ખેતીની જમીનમાં વિવિધ હેતુ માટે ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નિતી બનાવવાનો – સરકારશ્રી નો મુળભુત હેતુ – ખેતીની જમીન – બીનખેતી કરાવ્યા સીવાય – એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ તથા ખેતી સંલગ્ન લધુ ઉદ્યોગોને ૨૪ કલાક વીજપુરવઠો પુરો પાડી આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો છે. આથી, આ ઠરાવના મુદદા ક્રમાંક ૩,૪,૫ અંતર્ગત – અરજદાર ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેતો તેમણે વીજજોડાણ ના વાસ્તવિક ખર્ચ ની રકમ ચુકવવાની રહેશે. પરંતુ બીનખેતી કરાવેલ જમીન માં સમાન પ્રકારની પ્રવૃતિઓ માટે અરજદાર ૨૪ કલાક ના વીજજોડાણ માટે અરજી કરેતો – તેમની પાસેથી અગાઉ ના ધારા–ધોરણો અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતી ચાલુ રાખવાની રહેશે.''સદર સુચના અનુસાર બીનખેતી કરાવેલ અરજદારો પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતિ ચાલુ રાખવાનુ જણાવેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં.૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે – જીયુવીએનએલ દ્વારા જણાવેલ પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/ડીઈ–૨/૨૪/કોમ્પ/૨૦૫૩ તા.૦૫–૧૧–૧૯ મા કરાયેલ સ્પષ્ટતા મુજબ, ગામતળ ની બહાર બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ચાર્જીસ વસુલ કરવા જણાવેલ છે. જેની જાણકારી પીજીવીસીએલની નિગમીત કચેરીના પત્ર નં. – પીજીવીસીએલ/ટેક–૧/૧/૧૧૬૫૦ તા.૦૭–૧૧–૧૯ થી દરેક વર્તુળ કચેરીને યોગ્ય કાર્યવાહી અર્થે જાણકારી અપાયેલ છે.

૪.૫ આમ, અરજદારને ગામતળ ની બહાર બીનખેતી જમીનમાં વાણીજય હેતુ નુ નવુ વીજજોડાણ મેળવવા – ૨૫ કીવો કરારીત વીજભાર માટે થ્રી ફેઇઝ વીજજોડાણની અરજી બાબતે ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે – બિનખેતી કરાવેલ જમીનમાં ગુજરાત રાજય સરકારના વખતોવખતના પરીપત્ર અને માર્ગદર્શન મુજબ નવા વીજજોડાણ માટે ચાર્જીસ વસુલ કરવા જણાવેલ છે. તે મુજબ સદર કેઈસમાં ગામતળ બહાર બિનખેતી કરવામા આવેલ જમીનમાં વાણીજય હેતુ ના વીજજોડાણની અરજી અન્વયે રેલ્વે ક્રોસિંગ પ્રપોઝ કરીને પીજીવીસીએલ કંપનીમાં પ્રવર્તમાન માં રહેલ પરીપત્ર અને માર્ગદર્શન અનુસાર ફીકસચાર્જ મુજબ નુ ભાવપત્રક આપવા પીજીવીસીએલ ને સુચના આપવામા આવેલ છે.

૪.૬ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪.૫ મુજબ આદેશ આપવામાં આવે છે

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.